ગાંધીનગર સમાચાર

**'સામાજિક સમરસતા'ના સંદેશ સાથે મશાલ રેલી યોજાઈ**

## @ગાંધીનગર

● મદદનીશ કમિશનર આદિજાતિ વિકાસ દ્વારા શુક્રવારના રોજ બપોરે ૧૨.૦૦ થી ૨.૦૦ કલાક દરમિયાન સેક્ટર-૧૨, ડો. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને મળવાપાત્ર સ્કોલરશીપ અંતર્ગત માર્ગદર્શન સેમિનાર યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેક્ટર-૨૧ ખાતે શુક્રવારના રોજ સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન ચુંદડીના હિંડોળા યોજાશે.

● સેક્ટર-૨, શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ચોકલેટના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શુક્રવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે રાજેન્દ્રભાઈ ઓઝાના નિવાસસ્થાન ૧૨૯૯, શિવમ સોસાયટી, સેક્ટર-૨૭ ખાતે શિવરૂદ્રાભિષેક તેમજ શિવમહિમ્નના પાઠ યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શ્રી શિવવિવાહ પ્રસંગ તથા સ્ટેશનરીના હિંડોળા યોજાશે.

# રક્ષાબંધન પર્વે શહેરમાં ૫૦થી વધુ ટુ-વ્હીલરનું વેચાણ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં રક્ષાબંધન પર્વ નિમિતે વિવિધ કંપનીના ટુ-વ્હીલરમાં ભારે ઉછાળો જોવા મળ્યો હતો. આજે શહેરના ટુ-વ્હીલરના શો રુમમાંથી અંદાજે ૫૦ જેટલા નવા બાઈકોની ખરીદી નાગરીકોએ કરી હતી. જેમાંથી કેટલાક ભાઈઓએ પોતાની બહેનને ગીફટ તરીકે પણ ટુ-વ્હીલરની ચાવી પકડાવી આશ્ચર્ય સર્જ્યું હતું. સામાન્ય દિવસો કરતા શો રુમમાં ટુ-વ્હીલરના થતા વેચાણ કરતા આજે ૧૦ વાહનોનું વધુ વેચાણ થવા પામ્યું હતું.

ગાંધીનગર શહેરમાં તહેવારમાં ઓટોમોબાઈલ્સક્ષેત્રે તેજી જોવા મળે છે. નગરજનો વિવિધ પર્વમાં પોતાના મનગમતા વાહનોની ખરીદી કરીને એક યાદગાર ક્ષણ રાખતા હોય છે. ત્યારે ગાંધીનગર શહેરમાં આવેલા હીરો-હોન્ડા, બજાજ, ટીવીએસ, સુઝુકી, મહિન્દ્રા, યામાહા સહિત વિવિધ કંપનીના શોરુમમાં શુભ મુહર્તમાં વાહનોની ખરીદી કરવા ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી હતી. જયારે રજાનો દિવસ હોવા છતા પોતાના માનવંતા ગ્રાહકોને પોતાના ગમતા વાહની ચાવી આપવા માટે શો રુમમાં સ્ટાફ ખાસ હાજર રહેવા પામ્યો હતો. ગાંધીનગર સ્થિત શોરુમમાંથી અંદાજે ૫૦ થી વધુ વાહનોની ખરીદી થવા પામી છે. જયારે આધુનિક જમાનામાં બદલાતા ટ્રેન્ડ વચ્ચે પોતાની વ્હાલી બેનને રક્ષાબંધનની ભેટ સ્વરુપે તેની પસંદગીનું ટુ-વ્હીલર આપવા કેટલાક ભાઈઓએ ખાસ આયોજન કર્યું હતું.આજના યુગમાં બહેનને નાનીમોટી ગીફટ આપવાના બદલે એને કાયમી કામમાં આવે તેવી ચીજવસ્તુ આપવામાં આવે છે. જેને પરિણામે સૌથી વધુ વાહનોની ખરીદી થાય છે. જયારે આજના પર્વમાં ટુ-વ્હીલરની સાથે ફોર-વ્હીલર કારનું માર્કેટ પણ તેજીમાં જોવા મળ્યું હતું. સામાન્ય દિવસો કરતા રક્ષાબંધન પર્વમાં વિવિધ કંપનીની કારના વેચાણમાં પણ વધારો જોવા મળ્યો હતો.







## વાતવાતમાં

● રક્ષાબંધનના તહેવારના પગલે શહેરમાં રજાનો માહોલ હતો જેમાં અનેક નગરજનો તહેવાર ઉજવવા પોતાના ગામ જવાથી સડકો પણ સૂમસામ લાગતી હતી. ખાલી સડકો પર ગાય અને કૂતરા હડફેટે આવવાના કારણે શહેરમાં લગભગ ચાર બાઈકસવારોને નાના મોટા અકસ્માત નડ્યા હતા.

● શહેરમાં હજુ પણ અનેક માર્ગો પર વૃક્ષો ટ્રીમીંગના અભાવે ભયજનક હાલતમાં છે. હાલ વરસાદે વિરામ લીધો હોઈ વન વિભાગ દ્વારા સત્વરે ટ્રીમીંગ કરાય તેવી નગરજનોમાં માંગ ઉઠવા પામી છે.

● રક્ષાબંધનના કારણે ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલે આખો દિવસ ભયંકર ટ્રાફિકજામના દશ્યો સર્જાયા હતા. દિવસ દરમ્યાન અનેકવાર નાની ટક્કરો સાથે અસંખ્ય તકરારના દશ્યો પણ જોવા મળ્યા હતા.



રક્ષાબંધન ભાઈ-બહેનના પવિત્ર સંબંધનો તહેવાર છે.. એમા ન તો ધર્મ કે નાતજાતના બંધન હોઈ શકે. તેનું ઉત્તમ ઉદાહરણ ગાંધીનગરમાં રક્ષાબંધન પર્વે જોવા મળ્યું.. સેક્ટર-૩સીમાં પ્લોટ નં. ૧૪૭૬માં રહેતા જીજ્ઞાબેન સુથાર છેલ્લા ૩૦ વર્ષથી અમદાવાદમાં રહેતા અને સેલ્સ ટેક્ષ વિભાગમાં ફરજ બજાવતા સઈદ શેખને રાખડી બાંધે છે. આ વર્ષે પણ હિન્દુ બહેને પોતાના મુસ્લિમ ભાઈને રાખડી બાંધી ત્યારે ભાઈ-બહેન અત્યંત ભાવુક થઈ ગયા હતા...

# પાલજ ગામે મકાનમાં જુગાર રમતા છ જુગારીઓ પકડાયા

### ચિલોડા પોલીસે દરોડો પાડીને ૮૬ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેર નજીક આવેલા પાલજ ગામમાં એક મકાનમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસો દરોડો પાડીનો છ શકુનીઓને પકડી પાડ્યા હતા. ગાંધીનગર શહેર અને પાલજ ગામ ઉપરાંત પેથાપુર વિસ્તારના આ છ શકુનીઓની ધરપકડ કરી રૂ. ૮૬ હજારની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી ગાંધીનગર ડીવીઝનના ડીવાયએસપી વિજય પટેલે તેમના ડિવીઝન વિસ્તારમાં શ્રાવણીયો જુગાર ન રમાય તેની ખાસ સુચનાઓ આપી હતી. જે અંતર્ગત ચિલોડા પોલીસ ઈન્સ્પેક્ટર એલ.ડી. વાઘેલા તથા તેમની ટીમ કાર્યરત હતી. દરમ્યાન બાતમી મળી હતી કે પાલજ ગામમાં દશરથસિંહ બિહોલાના મકાનમાં જુગાર રમાઈ રહ્યો છે. જેને આધારે દરોડો પાડીને સેક્ટર-૭ ખાતે રહેતા અતુલ કનુભાઈ ઠાકોર, પાલજમાં રહેતા નરેન્દ્ર દશરથસિંહ બિહોલા, દશરથ ભવાનસિંહ બિહોલા, પેથાપુર ગામના દિલીપ કોદરસિંહ વાઘેલા, નિતેશ હરીસિંહ દેવડા અને સેક્ટર-૨-સી માં રહેતા હિરેન ભરતભાઈ કાળીયા મળીને ૬ શખ્સોની રોકડ રૂ. ૨૪,૮૫૦, મોબાઈલ નંગ-૩ અને બે બાઈક મળીને કુલ રૂ. ૮૫,૮૫૦ના મુદામાલ સાથે દરપકડ કરી લઈ જુગાર ધારા હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સે. ૨૬માંથી બે ભાઈઓ પરોઢીયે પીધેલા પકડાયા

ગાંધીનગર, તા. ૧૮

સેક્ટર-૨૧ પોલીસે આજે પરોઢીયે સે. ૨૬ છાપરા પાસેથી બે સગા ભાઈઓને નશામાં ચકચૂર હાલતમાં પકડ્યા હતા. પરોઢીયે જ દારૂ ઢીંચીને ફરતા બે ભાઈઓ શૈલેષ શંકર વાલ્મીકી અને મહેશ શંકર વાલ્મીકીને પીધેલી હાલતમાં પકડીને બંને સામે પ્રોહીબીશન એક્ટ અંતર્ગત ગુનો નોંધી ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# શહેરમાં વાહનો ન મળતા મુસાફરો અટવાયા

ગાંધીનગર, તા.૧૮

રક્ષાબંધન પર્વ નિમિતે શહેરમાં મુસાફરોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. એસટીની બસો અમદાવાદ જવાનું હોય તેવા મુસાફરોની સંખ્યા સૌથી વધુ નોંધાઈ હતી.

ગુજરાત રાજયનું પાટનગર ગાંધીનગરના માર્ગો મુસાફરોથી ખીચોખીચ ભરાયેલા જોવા મળતા હતા. તહેવારના સમયે એસટી નિગમની યોગ્ય વ્યવસ્થાને કારણે બસ પણ નહી મળતા મુસાફરોને કલાકો સુધી બેસીને માર્ગ પર રાહ જોવી પડી હતી. ગાંધીનગર શહેરમાં રજાનો માહોલ તેમજ પર્વને પગલે થઈ ગયા હતા. સામાન્ય દિવસ કરતા આજે ડબલ ફેરા લગાવ્યા હતા. છતા પણ માર્ગો પર ટ્રાફિક જ જોવા મળતો હતો. જયારે



હાઉસફુલ હોવાથી મહિલા મુસાફરોને ખાનગી વાહનમાં ઝોખમી મુસાફરી કરવાનો વારો આવ્યો હતો. તો કેટલાક વાહનચાલકોએ તહેવારની મૌસમ ગણીને ભાડામાં પણ વધારો કરીને મુસાફરોના ખીસ્સા ખંખેર્યા હતા. ગાંધીનગરથી ગાંધીનગર મધ્યમાં હોવાથી ઉતર ગુજરાત તરફ આવન-જાવન માટેનું કેન્દ્ર ગણાય છે. ગાંધીનગરથી મુસાફરોને અમદાવાદના કોઈ પણ સ્થળે જવુ હોય તો સરળતા રહે છે. જેથી ગાંધીનગરથી અમદાવાદ તરફ જવા માટે મુસાફરોનો ભારે ધસારો હોય છે. રક્ષાબંધન પર્વમાં મોટાભાગની તમામ બસો મુસાફરોથી ભરાયેલી જોવા મળતી હતી. જયારે કેટલાક ખાનગી શટલીયા વાહનચાલકોએ રક્ષાબંધનની રજા રાખી હતી. જેને પરિણામે માર્ગ પર શટલીયા વાહનોની સંખ્યા પણ નહીવત જોવા મળતી હતી. ખાનગી વાહનો તેમજ મોટાભાગની ખાણીપીણી બજાર પણ દિવસ દરમ્યાન બંધ જોવા મળ્યા હતા. પોતાના ભાઈને રાખડી બાંધવા માટે જઈ રહેલી મહિલાઓને પોતાના બાળકોને હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો.જયારે કાર્યરત રાખેલા ખાનગી શટલીયા ચાલકોને ધંધામાં બખ્ખા કેટલાક વાહન ચાલકોએ ભાડામાં પણ વધારો ઝીંકી દેતા મુસાફરોને ના છુટકે વધુ રૂપીયા આપી ઝોખમી મુસાફરી કરવાનો વારો આવ્યો હતો. જયારે બસ અને ખાનગી શટલીયા વાહનોની વચ્ચે રક્ષાબંધન પર્વમાં મુસાફરો કલાકો સુધી ગાંધીનગરમાં અટવાયા હતા.

# એલસીબીની ટીમે વધુ એક બાઈક ચોર પકડી પાડ્યો

### વાહનચેકીંગ દરમ્યાન વાહનચોર પકડાયો



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર એલસીબીની ટીમ જીઈબી પાસે વાહન ચેકીંગમાં હતી તે દરમ્યાન એક શખ્સ ચોરીના બાઈક સાથે પકડાઈ ગયો હતો. બાઈક ચોરની સઘન પુછતાછ કરતાં દોઢેક મહિના પહેલા ગુર્જર સિનેમા સામેથી ચોરી કર્યુ હોવાની કબુલાત કરી છે. વાહનચોરની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વાહનચોરી અટકાવવા તથા અગાઉ થયેલી વાહન ચોરીઓ ડીટેક્ટ કરવા ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવે આપેલી સુચના અનુસંધાને ગાંધીનગર એલસીબી પીઆઈ આશુતોષ પરમારની ટીમ તે દિશામાં કાર્યરત છે. પીએસઆઈ એચ.કે. સોલંકી તથા ટીમ જીઈબી નજીક વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન મુળ રાધનપુરનો અને હાલ મહુન્દ્રાથી ચિલોડા આવતા રોડ પર સ્થિત રવિ ગેરેજની પાછળ રહેતા ૨૦ વર્ષિય યુવાન શખ્સ ગોવિંદ ઉર્ફે ચચુ માંગીલાલ મારવાડીને ચોરીના બાઈક સાથે પકડી પાડવામાં આવ્યો છે. સ્પ્લેન્ડર બાઈક નં. જીજે.૦૧.એફજી.૫૨૧૧ સાથે તેને પકડીને બાઈક તથા તેના કાગળો સંદર્ભે પુછતાછ કરતા આશરે દોઢ મહિના પહેલા દહેગામ ગુર્જર સિનેમા સામેથી તેણે બાઈક ચોરી કર્યુ હોવાની કબુલાત કરી છે. તે શખ્સની ધરપકડ કરી તેની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.





## વાવોલમાં ૭૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

વાવોલની દેવ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં એમ.બી. પટેલ વિદ્યાલ્ય વાવોલ પ્રાથમિક શાળાના બે હજારથી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ગ્રામજનો હાજર રહ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કર્યા હતા. આ પ્રસંગે સરપંચ કમલેશસિંહ ગોલ, પૂર્વ તાલુકા સદસ્ય અમરસિંહ ગોલ, સિનિયર પત્રકાર વિનોદ રાઠોડ, તાલુકા વિરોધ પક્ષના નેતા કુબેરસિંહ ગોલ, શૈલેશભાઈ પટેલ, પી.એસ.આઈ. ઘનશ્યામસિંહ ગોલ, એમ.બી. પટેલ વિદ્યાલયના આચાર્ય બળદેવભાઈ પટેલ, જોષીકાકા, વ્યાસકાકા, અશોકભાઈ શ્રોફ, એમ.ડી. શાહ પ્રાથમિક વિદ્યાલયના આચાર્ય જાગૃતિબેન જાની, સોનલબા ગોલ, વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના ટ્રસ્ટી એમ. આર. પટેલ, પૂર્વ સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન રાકેશભાઈ પટેલ, બળદેવસિંહ ગોલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિલાબેન ગજ્જરે કર્યું હતું.

## યશવંતરાય ભટ્ટનું દુઃખદ અવસાન

શ્રી બાલાજી ભગવાન વિશ્વ મંદિર ટ્રસ્ટ, સેક્ટર-૧૬, ગાંધીનગરના બાલાજી મંદિરના ટ્રસ્ટી યશવંતરાય ફુલચંદભાઈ ભટ્ટનું૯૪ વર્ષની જૈફ વયે તારીખ ૧૩.૮. ૨૦૧૬ના રોજ થયેલ નિધનથી સદર મંદિરએ મોભીને ગુમાવીનેનપુરાયતેવોશૂન્યાવકાશ ઊભો થયો છે. તારીખ ૨૧.૮.૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૧૦ થી ૧૨ દરમિયાન બાલાજી મંદિર ખાતેતેઓના કુટુમ્બીજનોએ સદગતના આત્મશાંતિ હેતુપ્રથા મુજબ નોંમુ રાખ્યુંછે.

## રક્ષાબંધને સર્જન એજ્યુકેશનનું નોટબુક-પેન્સિલ વિતરણ

તહેવાર એ રોજબરોજની જીંદગીમાં હાડમારીઓનો સામનો કરી રહેલા માનવીના ચહેરા પર ખુશીના સ્મિત સાથે રાહત ફેલાવવાનું કામ કરે છે. જો કે ઘણા પરિવારો એવા પણ હોય છે કે તેમને તહેવારમાં પણ ખુશી નસીબ થતી નથી. જરૂરિયાતમંદ પરિવારોના બાળકોના ચહેરા રક્ષાબંધનના પવિત્ર તહેવારે સ્મિત રેલાવવાનું પુણ્ય કાર્ય સર્જન એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા શહેરના છેવાડાના સે. ૪ના હડમતિયા છાપરા વિસ્તારના શ્રમજીવી પરિવારના બાળકો માટે નોટબુક-પેન્સિલ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. લક્ષ્મણજી સેંધાજી ઠાકોર, ઉ.વ.૪૭
- સ્વ. હરમાનભાઈ માદજીભાઈ વાઘેલા, ઉ.વ.૭૩
- સ્વ. સુરજબેન શકરાભાઈ પ્રજાપતિ, ઉ.વ.૭૭
- સ્વ. ધર્મેન્દ્ર મોતીભાઈ વણઝારા, ઉ.વ.૫૦